યુ.પી.એસ.સી.માં ભરતી પરીક્ષાના દરેક તબક્કે પ્રોત્સાહન સહાય આપવા બાબતની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
આદિજાતિ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક: પરક્ષ/૧૫૨૦૧૪/ન.બા.-૫૫/ગ.
સચિવાલય, ગાંધીનગર.
તા.૬/૦૮/૨૦૧૪.

વંચાણે લીધા:-

(૧) કમિશનરશ્રી (આ.વિ.) ની કચેરીનો તા.૧૫/૦૩/૨૦૧૪નો પત્ર નં:- આવિ/શિક્ષણ/૧/ફા.નં.૮૪૪/૨૦૧૩-૧૪/૩૨૧.

**ઠરાવ:-**

રાજ્યમાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ તેમની નબળી આર્થિક સ્થિતિને કારણે શિક્ષણથી વંચિત ન રહે તેમજ આ વર્ગના વિદ્યાર્થીઓમાં શિક્ષણનું પ્રમાણ વધે અને વધુને વધુ વિદ્યાર્થીઓ શિક્ષણનો લાભ મેળવી આગળ આવે તેવા પ્રયત્નો રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી રહેલ છે. તેના ભાગ રૂપે અનુસૂચિત જનજાતિના સ્નાતક/અનુસ્નાતકના સુધીનો અભ્યાસ પૂર્ણ કરેલ હોય તેવા આદિજાતિના વિદ્યાર્થીઓ યુ.પી.એસ.સી.ની સ્પર્ધાત્મક પરીક્ષા પાસ કરી નોકરી મેળવી તેમનું જીવનધોરણ સુધારી શકે તે હેતુથી ઉપર વંચાણે લીધેલ ક્રમાંક (૧) ના કમિશનરશ્રી (આ.વિ.) ના પત્રથી યુ.પી.એસ.સી.ની સ્પર્ધાત્મક પરીક્ષાના દરેક તબક્કે અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પુરૂ પાડવા પ્રોત્સાહન સહાય માટે રૂ.૭૫.૦૦ લાખની નવી બાબતનો સને ૨૦૧૪-૧૫ના અંદાજપત્રમાં સમાવેશ કરવા દરખાસ્ત કરવામાં આવેલ. જેની વહીવટી મંજૂરીની બાબત વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે યુ.પી.એસ.સી.ની સ્પર્ધાત્મક પરીક્ષાના દરેક તબક્કે અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પુરૂ પાડવા પ્રોત્સાહન સહાય માટે વર્ષ ૨૦૧૪-૧૫માં રૂ.૭૫.૦૦ લાખની નવી બાબતને નીચેની શરતોને આધીન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

**શરતો:-**

(૧) આ યોજના માટે સહાયની રકમ નીચે મુજબ રહેશે.

| પરીક્ષાનો તબક્કો | કુમાર | કન્યા |
|---|---|---|
| ૧. પ્રારંભિક પરીક્ષા પાસ કર્યેથી | રૂ.૫૦,૦૦૦ | રૂ.૬૦,૦૦૦ |
| ૨. મુખ્ય પરીક્ષા પાસ કર્યેથી | રૂ.૨૫,૦૦૦ | રૂ.૩૦,૦૦૦ |

(૨) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(3) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા જરૂરીયાત પ્રમાણે આગામી

નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૪) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૬) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૭) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

૨. આ અંગેનો ખર્ચ માંગણી ક્માંક: ૯૬ (આયોજન), મુખ્ય સદર: ૨૨૨૫- અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર:-૦૨- અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર: ૨૭૭, શિક્ષણ, પેટા સદર – સ્ટેટ કમિશનમાં ભરતી પરીક્ષાના દરેક તબક્કે પ્રોત્સાહન સહાય યોજના હેઠળ થયેલ જોગવાઇમાંથી મેળવવાનું તેમજ ઉધારવાનું રહેશે.

૩. આ હુકમો આ વિભાગની સરખા ક્માંકની નાણાવિભાગની તા.૨૭/૦૬/૨૦૧૪ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(નરેન્દ્ર વાઘેલા)
સેકશન અધિકારી
આદિજાતિ વિકાસ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

મહામહિમ રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

માનનીય મંત્રીશ્રી, આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

માનનીય રા.ક. મંત્રીશ્રી, આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

અગ્રસચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, ગાંધીનગર, તરફ જાણ તેમજ ઘટતી કાર્યવાહી સારૂ.

નાણા સલાહકારશ્રી, આદિજાતિ વિકાસ, સચિવાલય, ગાંધીનગર.

મહાલેખાકારશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ, રાજકોટ.

પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

ઉપસચિવશ્રી (બજેટ), આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

શાખા સિલેક્ટ ફાઇલ.